નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૯૦
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૬/૦૨/૨૦૧૬

## // પરિપત્ર //

**વિષય:-** **પેટા વિભાજનના કિસ્સામાં પેટા વિભાજનના ફળ સ્વરૂપે અસ્તિત્વમાં આવનાર ખુલ્લા/વણવપરાશી પ્લોટની પ્રથમ વખતની તબદીલી કરવા બાબતે.**

સંદર્ભ:- (૧) નિગમના પરિપત્ર ક્રમાંક: ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૧(૬)/૩૧/૬૬૫/૯૬, તા.૧૦-૦૯-૧૯૯૬
(૨) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/કાનિ(વિત.)/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/વિતરણ/૪૫, ૦૩/૧૦/૨૦૧૨
(૩) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૪૩, તા.૦૩/૧૦/૨૦૧૨
(૪) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૧૪, તા.૭/૦૬/૨૦૧૩
(૫) જીઆઈડીસી/ઓએન્ડએમ//સીઆઈઆર/વિતરણ/પોલીસી/૩૫, તા.૩૦.૦૭.૨૦૧૫
(૬) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૪૬, તા.૨/૧૨/૨૦૧૫

નિગમના નિયામક મંડળની તા.૦૧-૦૧-૨૦૧૬ ના રોજ યોજાયેલ ૪૮૬ મી સભામાં પેટા વિભાજનના કિસ્સામાં પેટા વિભાજનના ફળ સ્વરૂપે અસ્તિત્વમાં આવનાર ખુલ્લા/વણવપરાશી પ્લોટની પ્રથમ વખતની તબદીલી કરવા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંક: ૨૫/ વિતરણ/૪૮૬, તા.૦૧/૦૧/૨૦૧૬ થી સાદર કરવામાં આવેલ.

નિગમની પેટા વિભાજનની નીતિ અન્વયે પ્લોટના પેટા વિભાજન બાદ ફળ સ્વરૂપે અસ્તિત્વમાં આવનાર ખુલ્લા/વણવપરાશી પ્લોટને નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ નવા પ્લોટ તરીકે ગણી નિગમ ધ્વારા ફાળવવામાં આવતા નવા પ્લોટને લાગુ પડતા તમામ નિયમો જેવા કે, વપરાશની સમય મર્યાદા, ખુલ્લા/વણવપરાશી પ્લોટને તબદીલીની પ્રવર્તમાન નીતિ વગેરે લાગુ પાડવામાં આવેલ છે. નિગમમાં ખુલ્લા/વણવપરાશી પ્લોટની તબદીલીની કાયમી નીતિ અમલમાં નથી. પરંતુ નિગમ ધ્વારા સંદર્ભિત પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/ ૪૬, તા.૨/૧૨/૨૦૧૫ થી

ખુલ્લા/વણવપરાશી પ્લોટની તબદીલીની સમયબંધી નીતિ જાહેર કરવામાં આવેલ છે, જેની અવધી તા.૩૧/૦૩/૨૦૧૬ ના રોજ પુરી થાય છે. નિગમ ધ્વારા થયેલ ઠરાવ ક્રમાંકઃ૨૨ / વિતરણ/ ૪૮૬/૨૦૧૬ અન્વયે નીચે મુજબ પરિપત્ર જારી કરવામાં આવે છે.

(૧) પેટા વિભાજનનાં ફળ સ્વરૂપે અસ્તિવમાં આવનાર ખુલ્લા / વણવપરાશી પ્લોટને નિગમનાં પ્રર્વતમાન વિતરણ દરનાં ૨૦% લેખે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

(૨) ઔપચારીક(Formal) પ્રકારના તબદીલીના કિસ્સામાં તબદીલી ફી વસુલ લેવાની રહેશે નહી.

(૩) આ નીતિ અન્વયે પેટા વિભાજનનાં કિસ્સામાં પેટા વિભાજનનાં ફળ સ્વરૂપે અસ્તિવમાં આવનાર ખુલ્લા / વણવપરાશી પ્લોટને પ્રથમ વખત ( એક જ વાર) તબદીલી મંજુર રાખી શકાશે.

(૪) નિગમનાં સમયાંતરે થયેલ પરિપત્રની જોગવાઈ તથા જે તે સમયની પ્રવર્તમાન પેટા વિભાજનની નીતિ મુજબ સુસંગત પેટા–વિભાજીત થયેલ પ્લોટના કિસ્સામાં આ નિતી લાગુ પડશે.

(૫) ઉકત મુદ્દા નં.(૪) સિવાયના કિસ્સાઓમાં ગુણદોષના આધિન તબદીલી અંગેની મંજુરી આપવાની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે.

(૬) પ્લોટની તબદીલીની સત્તા નિગમના તારીખઃ૦૨.૧૨.૨૦૧૪ની સત્તા સોંપણી મુજબ તથા વખતોવખત થતા સત્તા સોંપણીના સુધારા પ્રમાણે રહેશે. વધુમાં અરજદાર પેટા વિભાજનની સાથે સાથે તબદીલી ઈચ્છતા હોય તો તે પણ એક જ પ્રકરણ એક સાથે મંજુરી અર્થે ફાઈલ માન. ઉપા. અને વ.સં.શ્રીની મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ–વિતરણ) ને પાઠવવી.

–સહી–

**(મનોજ અગ્રવાલ)**

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાના:–</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**મેનેજર(મહેકમ)**